**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૬ ટકા

### ગાંધીનગર સ્થિત સેક્ટર-૨૧ જીઓ મોબાઈલ સ્ટોરમાંથી

# મોંઘાદાટ ૧૦૮ મોબાઈલ લઈ મેનેજર ગાયબ !

**રૂ. ૬૧,૨૦,૬૯૫ ની કિંમતના ૧૦૮ મોબાઈલ ફોન કંપનીની જાણ બહાર લઈ જઈને કંપની સાથે ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાની ફરીયાદ નોંધાઈ**

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ સ્થિત જીઓ મોબાઈલ સ્ટોરમાંથી મોંઘાદાટ વિવિધ કંપનીના ૧૦૮ મોબાઈલ લઈ મેનેજર ગાયબ થઈ ગયો છે. મોબાઈલની ચોરી સ્ટોરના મેનેજરે કરી હોવાના દાવા સાથે એરીયા મેનેજરે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદ વસ્ત્રાલ વ્રજવિહાર રેસીડન્સી બ્લોક નં એ-૫૦૪ ખાતે રહેતા કૃણાલ હસમુખભાઈ રૂપેરા જીઓ કંપનીમાં અલગ-અલગ જિલ્લાના સબ એરીયા મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેઓએ નોંધાવેલ ફરીયાદ મુજબ સેકટર-૨૧ જીઓ સ્ટોર ખાતે મેનેજર તરીકે બ્રિજેશ ભરતસિંહ સોલંકી (રહે.પ્લોટ નં.૫૩૦-૧, સેકટર-૭ બી) ફરજ બજાવે છે. તેમના હાથ નીચે અન્ય ચાર કર્મચારીઓ ફરજ બજાવતા હતા. કંપનીની વેબસાઈટ પર શનિવારના રોજ સેકટર-૨૧ ના સ્ટોર ખાતે રૂ.૫૪ લાખનો વેપાર થયાનું બતાવતુ હતું. જેથી ફરીયાદીએ સ્ટોર મેનેજર કોલ કરતા ફોન બંધ આવતો હતો.જેથી તેમણે અન્ય કર્મચારીને કોલ કરતા તેણે સ્ટોર મેનેજર બ્રિજેશ આવ્યો ન હોવાનું જણાવ્યું હતું. વેપાર અંગે પુછતાછ કરતા કર્મચારીએ ફોન બીલ ચેક કરતા ૯૦ ફોનના બીલ જનરેટ થયા હતા. પરંતુ કોઈપણ પેમેન્ટ કંપનીમાં જમા ન થયાનું સામે આવ્યું હતું.

ફરીયાદીએ શંકાના આધારે સીસીટીવી કેમેરા ચેક કરતા બ્રિજેશ છેલ્લા ચાર દિવસથી અલગ અલગ જીઓ સ્ટોરમાંથી મોબાઈલનો સ્ટોક લાવીને સ્ટોરમાં એકઠો કરતો હતો. ત્યારબાદ તે તમામ વિવિધ કંપનીના મોંઘાદાટ કુલ ૧૦૮ મોબાઈલ ફોન બેગમાં ભરીને નીકળી ગયો હતો. જેથી સબ એરીયા મેનેજર કૃણાલ રૂપેરાએ સેકટર-૨૧ જીઓ સ્ટોરના મેનેજર બ્રિજેશ સોલંકી સામે રૂ. ૬૧,૨૦,૬૯૫ ની કિંમતના ૧૦૮ મોબાઈલ ફોન કંપનીની જાણ બહાર લઈ જઈને કંપની સાથે ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાની ફરીયાદ નોંધાઈ છે. ફરીયાદ નોંધાતા પોલીસે મોબાઈલ લઈ ગાયબ થઈ જનાર મેનેજરને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## સિ.સિ.કા. મહિલા પાંખ દ્વારા સે. ૧૪ સરકારી શાળામાં રમત-ગમતનું આયોજન

**હરિફાઈ બાદ સર્વે બાળકોને નોટબુક, ચોપડા અને બિસ્કિટનું પણ વિતરણ**



ગાંધીનગર,તા.૧૧

સિનિય સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરની મહિલા પાંખ દ્વારા પ્રજાસત્તાક દિનને અનુલક્ષીને સરકારી પ્રાથમિક શાળા સે. ૧૪ ફતેપુરા ખાતે રમત-ગમત હરિફાઈનું આયોજન કરવામાં આવ્યુ હતુ. શાળાના ૧૩૦ વિદ્યાર્થીઓએ આ હરિફાઈમાં ભાગ લીધો હતો. પ્રત્યેક હરિફાઈમાં ભાગ લેનાર પ્રથમ ત્રણ વિજેતા બાળકોને ઈનામ તથા ભાગ લેનાર દરેક બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. આ હરિફાઈ બાદ સર્વે બાળકોને નોટબુક, ચોપડા અને બિસ્કિટનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં સંસ્થાના મહિલા કન્વિનર દામિનીબેન લાખીઆ, મેઘાબેન શાહ, આશાબેન દોશી, અનિલાબેન રાણા અને મનીષાબેન ત્રિપાઠીનો સંપૂર્ણ સહયોગ રહ્યો હતો.

## અગોરા મોલ પાસે કારનો કાચ તોડી રૂ.૫૪ હજારની ચોરી

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા અડાલજ તેમજ આસપાસના વિસ્તારમાં ગાડીના કારના કાચ તોડી અંદર રહેલી ચીજવસ્તુઓ ચોરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં સ્વામીનારાયણ પાર્ટી પ્લોટ પાસે કારનો કાચ તોડી અંદર પર્સમાં રહેલા આઠ તોલા સોનાનો હારની ચોરી થઈ હતી. ત્યારે અગોરા મોલ પાસે પાર્ક કરેલી ગાડીનો કાચ તોડી તેમા રહેલ પાકીટમાંથી રોકડ રૂ.૫૨,૦૦૦ તેમજ કાંડા ઘડીયાળ અને ચાંદીની વીટી સહિત કુલ રૂ.૫૪,૦૦૦ ના મુદ્દામાલની ચોરી કરી કોઈ અજાણ્યો શખ્સ ફરાર થઈ ગયો છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદ સાબરમતિ ધરમનગર વિસ્તારમાં ધનેશ્વર એપાર્ટમેન્ટ એ-૨ ખાતે રહેતા તન્વી અક્ષત શાહ પોતાના પરિવાર સાથે રહે છે અને આંબાવાડી આઈસીઆઈસીઆઈ બેંક ખાતે ક્રેડીટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. ફરીયાદીના ઘરે વેગન આર કાર નં.જી.જે.૦૧.એચ.જી.-૨૫૫૪ છે જેનો ઉપયોગ તેમના પતિ અને સસરા કરે છે.ગત તા.૨-૨-૨૦ ના રોજ સાંજના પોણા આઠ વાગ્યાના અરસામાં અગોરા મોલ ખાતે ખરીદી માટે આવ્યા હતા. ગાડી માર્ગની બાજુમાં લોક કરીને મુકીને ગયા હતા. રાત્રીના ૧૧ વાગ્યાની આસપાસ મોલમાંથી બહાર આવી ગાડી પાસે જતા ડ્રાઈવર સાઈડનો આગળનો કાચ તુટેલી હાલતમાં હતો. ગાડીમાં તપાસ કરતા મોટુ પર્સ ન હતું જેમાં અંદર નાના બે પર્સ હતા જેમાં રોકડ રકમ રૂ.૫૨ હજાર રોકડા હતા. એક કાંડા ઘડીયાળ અને ચાંદીની વીટી સહિત પાનકાર્ડ, ચુંટણીકાર્ડ, આધારકાર્ડ, લાઈસન્સ, પેન ડ્રાઈવ, બેંકનું આઈકાર્ડ, ડેબીટકાર્ડ અને ક્રેડીટ કાર્ડની મળી કુલ રૂ.૫૪ હજારની ચોરી થવા પામી હતી. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## સેકટર-૨૮ પાસે માર્ગ અકસ્માતમાં પેથાપુરના આશાસ્પદ યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં દિન પ્રતિદિન માર્ગ અકસ્માતોની સંખ્યા વધી રહી છે. ત્યારે સેકટર-૨૮ પાસે ગતરાત્રીના સુમારે થયેલા અકસ્માતમાં પેથાપુરના યુવકે પોતાનો જીવ ખોયો છે. પેથાપુરના યુવાનો બાઈક પર ઘ-૭ થી ઘ-૬ તરફ જઈ રહ્યા હતા તે સમયે અજાણ્યા વાહને સે-૨૮ કટ પાસે ટક્કર મારતા બંન્ને જણા નીચે પટકાયા હતા. જેમાં એક યુવકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું જયારે અન્ય યુવાનને ઈજા પહોંચતા ગાંધીનગર અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવ્યો હતો. યુવકના મૃત્યુને પગલે સમગ્ર દવેવાસમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું હતું. બનાવ અંગે મૃતકના મોટાભાઈએ સેકટર-૨૧ પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજને પગલે તપાસ શરુ કરી છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર ગામમાં મુલચંદ પાર્ક સોસાયટીની સામે દવે વાસમાં રહેતો ૧૯ વર્ષિય કૃણાલ મહેન્દ્રભાઈ દવે ગામમાં જ વણકરવાસમાં રહેતા પોતાના મિત્ર સાગર બળદેવભાઈ પમાર સાથે સોમવારના રોજ રાત્રીના સમયે બાઈક નં જી.જે.૧૮.ડી.ડી.-૨૨૭૧ લઈને ગાંધીનગર તરફ આવવા માટે નીકળ્યો હતો. ત્યારે ઘ-૭ થી ઘ-૬ તરફ જઈ રહ્યા હતા તે સમયે સેકટર-૨૮ ના કટ પાસે રાત્રીના ૧ વાગ્યાના સુમારે કોઈ અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. અકસ્માતને પગલે બંન્ને મિત્રો માર્ગ પર પટકાયા હતા જેમાં કૃણાલનું ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળે જ મૃત્યું થયું હતું. જયારે સાગરને માથામાં તેમજ પગે ઈજાઓ પહોંચતા ગાંધીનગર હોસ્પિટલ ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ રીફર કરવામાં આવ્યો હતો. મૃતક યુવાનના પરિવારજનોમાં માતા-પિતા અને એક મોટોભાઈ મુકુંદ છે. જયારે કૃણાલ પેથાપુર ખાતે દુકાનમાં નોકરી કરીને પોતાના પરિવારને મદદરૂપ બનતો હતો. પેથાપુરના આશાસ્પદ યુવકના અચાનક મૃત્યુને પગલે સમગ્ર પેથાપુરમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

## શનિવારે જગજીતસિંહની યાદમાં શામ-એ-ગઝલ કાર્યક્રમ યોજાશે

**મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ દ્વારા ગઝલ ગાયક સ્વ. જગજીતસિંહની જન્મ જયંતિ નિમિત્તે શામ-એ-ગઝલ કાર્યક્રમનું આયોજન**

ગાંધીનગર, તા. ૧૧

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતેના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી ભારતના મશહુર ગઝલ ગાયક સ્વ. જગજીતસિંહની ૭૯મી જન્મ જયંતિ નિમિત્તે શામ-એ-ગઝલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શામ-એ-ગઝલ તા. ૧૫મી ફેબ્રુઆરી શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે યોજાશે. શામ-એ-ગઝલ કાર્યક્રમ શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ સંચાલિત ''મિલે સુર મેરા તુમ્હારા'' મ્યુઝિક લવર્સ કલબ દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે જેમાં ગાયક કલાકાર નીરવ શ્રીમાળી દ્વારા અરવિંદ વોરાના તબલાંની તાલે સુંદર જરોલાના ગીટારની ખનક તથા હિતેષ ગોહિલના કિ-બોર્ડની સરગમના સથવારે જગજીતસિંહે ગાયેલી ગઝલો પ્રસ્તુત કરશે. કાર્યક્રમમાં મુખ્ય અતિથિપદે ગુજરાત સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ અને સભ્ય સચિવ જે.એમ. ભટ્ટ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું સંચાલન બિજય તિવારી કરશે. કાર્યક્રમમાં શહેરના સંગીત રસિકોને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.





**બેફામ દોડતું ડમ્બર ચ-૬ના સર્કલ પર ઘસી ગયું**

ડમ્પર ચાલકો શહેરના માર્ગો પર બેફામ ગતિએ હંકારે છે. ટ્રાફિક નિયમનની ઐસી તૈસી કરી ડમ્પરો માર્ગો પર દોડતા હોય છે. ત્યારે ગતરાત્રીના સુમારે ચ માર્ગ પર જઈ રહેલા બેફામ ડમ્પર ચાલકે અચાનક કાબુ ગુમાવતા ડમ્પર સર્કલ પર ચડી ગયું હતું અને સર્કલને નુકશાન થયું હતું. જો કે સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી નથી. પરંતુ સર્કલને નુકશાનને પગલે ડમ્પર ચાલક સામે લાયન્સ કલબના હોદેદાર દ્વારા સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# 'વેલેન્ટાઈન-ડે'ની ઉજવણીમાં સ્પેશયલ કીટનું આકર્ષણ

**પ્રેમની અભિવ્યક્તિના અવસરે : નગરની ગીફ્ટ શોપમાં યુવાનોની ભીડ : ટેડીબીયર, પ્રોમીસ બોક્સ, લવરાઈટીંગ વોચ, મેરી ગ્રાઉન્ડ વોચ અને ફંકી કપલનો ક્રેઝ**

ગાંધીનગર, તા. ૧૧

પ્રેમને એકસપ્રેસ કરવાનો દિવસ એટલે 'વેલેન્ટાઈન્સ ડે' એવુ આજના યુવાઓ માની રહ્યા છે. ત્યારે આ દિવસને હવે બે દિવસ જ બાકી રહ્યા છે ત્યારે શહેરમાં આ દિવસને ઉજવવા માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આમ તો ૮ ફેબ્રુઆરીથી જ વેલેન્ટાઈન વીક શરૂ થઈ જાય છે. જમાં વિવિધ ડે ચોકલેટ ડે, ટેડી ડે, પ્રોમીસ ડે, પ્રપોઝ ડે જેવા દિવસનો સમાવેશ થાય છે અને અલગ અલગ દિવસની અલગ પ્રેઝન્ટ સાથે ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન્સ ડે ના દિવસે યુવક-યુવતી એકબીજાને પોતાના દિલની વાત એકસપ્રેસ કરે છે તેવુ માનવામાં આવે છે. આ દિવસને અનુલક્ષીને શહેરના ગીફ્ટ શોપમાં શોપીંગ તથા



અમુક રેસ્ટોરન્ટમાં ટેબલ બુકિંગ થઈ રહ્યા છે. શહેરના ગીફ્ટ શૉપમાં પણ વેલેન્ટાઈન્સ ડે ને લઈને વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ વેચાઈ રહી છે.

શહેરની અનેક ગીફ્ટ



શૉપમાં ૧૪મી ફેબ્રુઆરીને ધ્યાનમાં લઈને વિવિધ પ્રકારની ચીજવસ્તુઓ વેચાઈ રહી છે જેમાં વિવિધ આકારની અને સજાવટવાળી ચોકલેટ, ટેડીબીયર, પ્રોમીસ ડે માટે પ્રોમીસ બોક્સ, હાર્ટ, હાર્ટ સ્ટિક ફલાવરવાળી ઈઅર રીંગ્સ, વીંટી, ફંકી કપલ, કાચના મ્યુઝિક લાઈટવાળા ડોમ્સ, મેરીગ્રાઉન્ડ ફ્રેમ, મેસેજ બોટલ, લાઈફટાઈમ કેન્ડલ, મેજીગ મગ જેવા ચા કે કોફીની વરાળથી મેસેજ દેખાય જાય છે. બોયસ/ગર્લ્સ



માટેની સ્પેશિયલ કીટ ડેકોરેટીવ બોટલ, લવ ટેસ્ટર, મેજીક પીલો, કપલ કેન્ડલ, ક્રીસ્ટલ શૉ પીશ, હેન્ગીંગ ટેડી, લવ રાઈટીંગ વૉચ અને પેન્ડલ તથા કાર્ડ્સ જેવી અનેક ચીજવસ્તુઓની વેરાયટી શહેરના ગીફ્ટ શૉપમાં વેચાણમાં છે. જેમાં ખાસ ફંકી કપલ, બોયર્સ-ગર્લ્સ માટેની સ્પેશિયલ કીટ જેમાં પરફ્યુમ, ટાઈ, પેન, વોલેટ અને ઘડીયાળનો શમાવેશ થાય છે. આ ઉપરાંત લાઈફટાઈમ કેન્ડલ, મેરી ગ્રાઉન્ડ ફ્રેમ સૌથી વધુ વેચાઈ રહ્યા છે.

શહેરના જાણીતા ગીફ્ટ શોપના માલિક કૃણાલ શાહ સાથે શહેરીજનોની આ ખાસ દિવસની પ્રેઝન્ટ (ગીફ્ટ) ખરીદવાની પસંદગી વિશે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે પહેલા એવુ હતુ કે આ દિવસો માટે દરેક શૉ-પીસ જ ખરીદતા પણ હવે સમય બદલાયો છે. અમારી શોપમાં ટીનએજર અને યુવાનથી લઈ મોટાઓ આવે છે. તેઓ શૉ પીસની જગ્યાએ તેમના પ્રિય વ્યક્તિને ઉપયોગી થાય તેવી વસ્તુની ખરીદી વેલેન્ટાઈન્સ ડે માટે કરી રહ્યા છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**
**મલંગ**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**શિકારા**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
**હેક્ડ**
૧૨.૧૫, ૮.૦૫
**જવાની જાનેમન** - ૨.૫૫
**સ્ટ્રીટ ડાન્સર -૩** - ૭.૦૦
**તાન્હાજી** - ૧.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**
**મલંગ**
૯.૪૦, ૧૦.૫૫, ૧૨.૩૦, ૧.૪૫, ૩.૨૦, ૪.૩૫, ૬.૧૦, ૭.૨૫, ૯.૦૦, ૧૦.૧૫
**શિકારા**
૯.૫૦, ૧૨.૨૫, ૫.૨૫, ૮.૦૫
**હેક્ડ**
૧૨.૨૫, ૩.૦૦, ૧૦.૪૦
**જવાની જાને મન**
૧૦.૩૫, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૪.૦૦
**તાન્હાજી**
૧.૧૦, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
**મલંગ**
૯.૩૦, ૧૧.૨૫, ૧૨.૧૦, ૨.૧૫, ૩.૧૦, ૫.૦૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૫
**શિકારા**
૯.૨૦, ૩.૦૦
**હેક્ડ**
૧૧.૪૦, ૫.૩૫, ૮.૦૦
**જવાની જાને મન**
૧૦.૧૦, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૨.૦૫, ૭.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૩૫
**તાન્હાજી**
૯.૦૦, ૫.૦૦, ૧૦.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**
**મલંગ**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**તાન્હાજી** - ૯.૩૦
**શિકારા**
૧૨.૩૦, ૧૦.૦૦
**હેક્ડ** - ૩.૦૦, ૭.૪૫
**જવાની જાનેમન** - ૧૨.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૫.૧૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૩૦
**સ્ટ્રીટ ડાન્સર** -૩.૩૦, ૯.૩૦

## રવિવારે ''બાળ સાહિત્યની આજ અને આવતીકાલ'' વિષયે પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬મી ફેબ્રુઆરી રવિવારે કડી કેમ્પસના ફાર્મસી કોલેજ પાસેના બ્રહ્માણી કૃપા હોલ ખાતે સવારે ૧૦ કલાકે ''બાળ સાહિત્યની આજ અને આવતીકાલ'' વિષયે સાહિત્યિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. પરિસંવાદનું ઉદ્‌ઘાટન ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાના હસ્તે કરાશે તેમજ કાર્યક્રમમાં અધ્યક્ષપદે જીસીઈઆરટીના નિયામક ટી.એસ. જોષી, અતિથી વિશેષ પદે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલ સચિવ ડૉ. અશોક પ્રજાપતિ ઉપસ્થિત રહેશે. પરિસંવાદ દરમ્યાન ગાંધીનગરના સાહિત્યકારોના પુસ્તકોનું લોકાર્પણ યોજાશે જેમાં નટવર હેડાઉના ''સોનપરી આવી ખરી'' અને ભીખુ કવિ તથા મેહુલ કવિ સંપાદિત ''અખંડ જ્યોતિ''નો સમાવેશ થાય છે.

## ચિરવિદાય

- સ્વ. રાણા જયંતિભાઈ બળદેવભાઈ ઉ.વ. ૩૬
- દવે કુણાલ મહેન્દ્રભાઈ ઉ.વ. ૧૯
- દમયંતિબેન નંદકિશોર ખત્રી ઉ.વ.૮૧
- સુરેખાબેન કનુભાઈ દેવાણી ઉ.વ. ૨૫